UK Health Security Agency

NHS

# રસીઓ અને પોર્સિન જિલેટીન કે સ્વાદહીન પદાર્થ

## આ પત્રિકા વર્ણન કરે છે કે રસીઓમાં પોર્સિન જિલેટીનનો ઉપયોગ કેવી રીતે અને શા માટે થાય છે

**અમુક રસીઓમાં ડુક્કરના માંસના ઘટકોના મુદ્દાએ કેટલાંક જૂથોમાં ચિંતા ઊભી કરી છે.**

આ પત્રિકા આ ઉત્પાદન ધરાવતી રસીઓ અને મળી રહી શકે તેવા વિકલ્પો વિષેની માહિતી પૂરી પાડવા માટે વિકસાવવામાં આવી છે.

### જિલેટીન શું છે?

જિલેટીન એ ચિકન, ઢોર, ડુક્કર અને માછલી જેવા પ્રાણીઓના કોલાજન માંથી લેવામાં આવેલ પદાર્થ છે. કોલાઝન ટેન્ડ્ન્સ કે રજ્જૂ, અસ્થિબંધન, હાડકાઓ અને કુમળું હાડકુ કે કાર્ટિલેજમાં જોવા મળે છે. પોર્સિન જિલેટીન ડુક્કરમાંના કોલાજન માંથી આવે છે. દવાઓમાં ઉપયોગ માટે બધા પ્રકારના જિલેટીનનું ઉત્પાદન કડક સ્વચ્છતા અને સલામતીના નિયમો હેઠળ કરવામાં આવે છે.

### શા માટે રસીઓ માં પોર્સિન જિલેટીનનો ઉપયોગ કરવામાં આવે છે?

જિલેટીનનો ઉપયોગ દવાઓની ખૂબજ વિશાળ શ્રેણીમાં થાય છે, જેમાં ઘણી કેપ્સ્યુલ અને અમુક રસીઓનો સમાવેશ હોય છે. પોર્સિન જિલેટીનનો ઉપયોગ રસીઓમાં સ્થિરતા તરીકે કરવામાં આવે છે – જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે સ્ટોરેજ દરમિયાન રસી સુરક્ષિત અને અસરકારક રહે. રસી ઉત્પાદકો સામાન્ય રીતે સ્ટેબિલાઈઝર્સ કે સ્થિરતાની વિશાળ શ્રેણીની કસોટી કરે છે અને સ્થિર, સારી ગુણવત્તા અને પૂરતા પ્રમાણમાં મળી રહે તેવા એકની પસંદગી કરે છે. ખોરાકમાં વપરાતા જિલેટીનથી વિપરીત, રસીમા વપરાતી બનાવટ ખૂબજ શુધ્ધ હોય છે અને પેપટાઈડ્સ તરીકે ઓળખાતા ખૂબજ નાના અણુઓમાં વિભાજિત થયેલ હોય છે.

### શા માટે રસીઓ બીજા સ્ટેબિલાઈઝર્સ કે સ્થિરતાવાળા અથવા બીજા પ્રકારો ના જિલેટીન સાથે બનાવી શકાતી નથી?

રસી વિકસાવવામાં તે સલામત અને અસરકારક બને છે તેની ખાતરી કરવા માટે પ્રયોગશાળા પરીક્ષણ અને ક્લિનિકલ વિદ્યાભ્યાસના ઘણા વર્ષો લાગે છે. એક વખત ઉત્પાદકે રસી માટે સ્ટેબિલાઈઝરની પસંદગી કરી લીધા પછી, આમાં કોઈ પણ ફેરફાર માટે વ્યાપક પ્રયોગશાળા અને ક્લિનિકલ અભ્યાસની જરૂર પડી શકે કે જે દર્શાવે કે રસીની સુરક્ષિતતા અને અસરકારકતાને અસર થઈ નથી. આને કારણે, જુદા સ્ટેબિલાઈઝર સાથે નવી સલામત અને અસરકારક રસી વિકસાવવામાં ઘણા વર્ષો લાગી શકે અથવા કદી પણ બની ન શકે.

### કઈ રસીઓ પોર્સિન જિલેટીન ધરાવે છે?

યૂકેમાં (UK) નિયમિત રસીકરણ કાર્યક્રમમાં, 2 રસીઓ હોય છે કે જે પોર્સિન જિલેટીન ધરાવે છે:

- ફ્લૂએન્ઝ (Fluenz)®, અનુનાસિક સ્પ્રે રસી કે જે બાળકોને ફ્લૂ સામે રક્ષણ આપે છે
- MMR VaxPro®, એક રસી કે જે ઓરી, ગાલપચોળિયા અને રૂબેલા સામે રક્ષણ આપે છે

immunisation

દરેક ઉંમરે, દરેકને સુરક્ષિત રાખવા માટે મદદ

Vaccines and porcine gelatine - Gujarati.indd 1 23/07/2025 16:24:28

## આસ્થા કે ધાર્મિક સિધ્ધાંત સમુદાયોનો શું અભિપ્રાય છે?

પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ (Public Health England) (PHE), કે જે હવે યૂકે હેલ્થ સિક્યૂરિટિ એજન્સિનો (UK Health Security Agency) (UKHSA) ભાગ છે, જેણે કશ્રૂટ (Kashrut) અને મેડિસિન્સ ઈન્ફર્મેશન સર્વિસ સાથે સલાહમંત્રણા કરી હતી, જેઓએ કહ્યું કે:

"તે નોંધવું જોઈએ કે જયૂઈશ કે યહૂદી કાયદાઓ અનુસાર, નોન – ઓરલ કે બિન-મૌખિક ઉત્પાદનોમાં પોર્સિન અથવા બીજા પ્રાણીઓમાંથી મેળવેલા ઘટકોમાં કોઈ સમસ્યા નથી. આમાં રસીનો સમાવેશ થાય છે, જેમાં નાક, ઇંજેકશન, સપોઝિટરિઝ, ક્રીમો અને મલમો કે ઓઇન્ટમેન્ટો દ્વારા આપવામાં આવતી રસીઓનો સમાવેશ થાય છે."

આમ છતાં પણ, UKHSA સ્વીકારે છે કે બ્રિટિશ મુસ્લિમ અને જયૂઈશ સમુદાયોમાં વિવિધતા હોય છે, અને અમુક બીજા જૂથો કોઈ પણ પોર્સિન ઉત્પાદન ધરાવતી દવાઓ અને રસીઓને પ્રતિબંધિત માની શકે. આવા સંજોગોમાં એવી શકયતા છે કે જયાં સુધી યોગ્ય વિકલ્પ ન હોય અને/ અથવા ઉત્પાદનને જીવન રક્ષક ગણવામાં ન આવે ત્યાં સુધી તે વ્યક્તિ ઘણી ફાર્મસ્યૂટિકલ કે દવાઓને લગતી પ્રોડકટ્સ સ્વીકરવામાં અસમર્થ હોય.

## શું આવી રસીઓ માટે કોઈ પણ યોગ્ય વિકલ્પો છે?

- **MMR:** યૂકેમાં (UK) અમારી પાસે 2 પ્રકારોની MMR રસી છે – MMR VaxPro® અને Priorix®. પ્રાયોરિક્સ (Priorix®) માં જિલેટીનનો સમાવેશ નથી અને તે MMR VaxPro® ની જેમ સલામત અને અસરકારક હોય છે.
- **ફ્લૂએન્ઝ (Fluenz)®:** એ બાળકો માટે પસંદગીની રસી હોય છે, તે સંચાલન કરવા માટે ઝડપથી, સરળ અને પીડારહિત છે. સમાજમાં ફ્લૂનો ફેલાવો ઘટાડવામાં પણ તે વધારે સારુ હોઈ શકે. જો તમે આવી દવાઓ અથવા રસીઓ સ્વીકારતા નથી કે જેમાં પોર્સિન જિલેટીનનો સમાવેશ હોય તો, ફ્લૂની રસીનું ઈંજેકશન જેમાં જિલેટીન નથી હોતું તે ઉપલબ્ધ છે.

## જો લોકો પોર્સિન જિલેટીનના સમાવેશવાળી રસીઓ લેવાની ઈચ્છતા ન હોય તો પોતાના અથવા તેઓના બાળકો માટે શું?

રસી લેવી કે નહિ, અથવા તમારા બાળકને રસી અપાવવા વિષેનો, અંતિમ નિર્ણય તમારો હોય છે. માહિતીવાળો નિર્ણય લેવા માટે તમે તમારી જાતને અથવા તમારા બાળકને રસી અપાવવાના ફાયદાઓ અને ગેરફાયદાઓ વિષેના પુરાવાઓ પર વિચાર કરી શકો છો.

જે માતાપિતા તેમના બાળકોને પોર્સિન જિલેટીન ધરાવતી MMR રસી અપાવવા માંગતા ન હોય તેઓએ તેમના જીપી (GP) પાસેથી Priorix® રસીની વિનંતી કરવી જોઈએ. 2 ડોઝીસનો સંપૂર્ણ કોર્સ ઓરી, ગાલપચોળિયાં અને રૂબેલા સામે રક્ષણ પૂરું પાડશે. કૃપા કરી નોંધ કરો કે પ્રેક્ટિસને આ ઉત્પાદન કે બનાવટ ખાસ ઓર્ડર કરવાની જરૂર પડી શકે જેથી એપોઈન્ટમેન્ટ પહેલાં તેમને તમારા મંતવ્યો જણાવવામાં મદદરૂપ થશે.

જો તમારા બાળકને અંતર્ગત આરોગ્યની સ્થિતિને કારણે ફ્લૂથી ઊંચુ જોખમ હોય તો, અનુનાસિક રસી એ પસંદગીનો વિકલ્પ છે. જો તેઓ અનુનાસિક સ્પ્રે ન લેવાનું પસંદ કરે અથવા તબીબી કારણોસર તે લઈ શકતા ન હોય, તો પછી તેમને ઈંજેકશન દ્વારા ફ્લૂની રસી લેવી જોઈએ.

**i** **જો રસીકરણ વિષે તમારો નિર્ણય લેતા પહેલાં વધારે માહિતી જોઈતી હોય તો, તમને તમારા ડૉક્ટર અથવા પ્રેક્ટિસ નર્સ સાથે વાતચીત કરી શકો. આ ખાસ કરીને મહત્વપૂર્ણ છે જો તમને એવા રોગોનું જોખમ વધારે હોય કે જે આવી રસીઓ અસરકારક રીતે અટકાવે.**

© Crown copyright 2025. UK Health Security Agency Gateway number: 2025103. Product code: 2025PGVGUJ Gujarati.
Health Publications link: **www.healthpublications.gov.uk/Home.html** and register to order paper copies of leaflets, posters and resources. There are also a range of digital only resources, including translations which you can download now.

Immunisation
દરેક ઉંમરે, દરેકને સુરક્ષિત રાખવા માટે મદદ

NHS